**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૭ ટકા

## આજે ગાંધીનગરમાં

**સામાજીક-સાંસ્કૃતિક**

● કલા ગુર્જરી ગાંધીનગર દ્વારા 'ચાલ લગાવ શરત' નાટક રાત્રે ૯.૩૧ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● કૌશલ્યા લેડીઝ કલબ દ્વારા બહેનો માટે મેડિકલ અને રસોઈ ક્ષેત્રના નિષ્ણાંતોના મંતવ્યોનો કાર્યક્રમ તથા ગેમ્સ અને હાઉસી બપોરે ૨ થી ૫ દરમિયાન સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ ખાતે યોજાશે.

**દેહદાન**

અડાલજના રહેવાસી સ્વ. નરસીભાઈ સોમાભાઈ પટેલ, ઉ.વ. ૯૩નું દેહદાન જુસીકાના દ્વારા ગાંધીનગર મેડીકલ કોલેજને સોંપવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડૉ. હીરેન ચાવડા સાથે સ્ટાફ તથા જુસીકાના કાર્યકર હીતેશ રાવલ, વીરેન બ્રહ્મભટ્ટ, સની વાઘેલા તથા શુભમ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે શહેરમાં કલાત્મક તાજિયા નીકળશે



મંગળવારે શહેરના મુસ્લિમ બિરાદરો મોહરમનું પર્વ મનાવશે. જેમાં ઈમામ હુસેનની યાદમાં તાજિયા જુલુસ કાઢી માતમ મનાવવામાં આવે છે. શહેરના સે-૨૪માં ઈન્દિરાનગર વસાહત ખાતે રહેતા મુસ્લિમ બિરાદરોએ કલાત્મક તાજિયાને આખરી ઓપ આપ્યો હતો. આ સિવાય સે. ૨૯ અને ચરેડી ખાતે કલાત્મક તાજિયા તૈયાર કરવામાં આવ્યા છે. મંગળવારના રોજ બપોરે ૩ કલાકે હુસૈની ચોક ખાતેથી મહાનુભાવોની હાજરીમાં તાજીયા ઝુલુસ નીકળશે. સાથે ચરેડી અને સે. ૨૪ના તાજિયા પણ જોડાશે. ઘ-૫, ચ-૫ થી નિયત રૂટ પર થઈને સાબરમતી નદીના તટે પહોંચી તાજિયા ઠંડા કરાશે.

# હેલ્લો ગાંધીનગર ગૃપના યુવાનોએ નદીને પ્રદૂષતિ કરતી મૂર્તિઓ બહાર કાઢી





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના યુવાનોએ ગણેશ મહોત્સવના સમાપને એક અનોખી સેવા થકી શહેરમાં નવો ચીલો ચાતર્યો છે. શહેરના હેલ્લો ગાંધીનગર ગૃપના ૧૫થી વધુ યુવાનો સાબરમતી નદીના કિનારે ઘણા સમયથી પડી રહેલી ગણપતિ અને દશામાની વિસર્જિત મૂર્તિઓને પાણીમાંથી બહાર કાઢી હતી તેમજ અહીં વિસર્જન કરવા આવેલા શ્રધ્ધાળુઓને પાણી પ્રદૂષિત ના થાય તે રીતે વિસર્જન કરવા સમજાવ્યા હતા.

શહેરના કેટલાક યુવાનો દ્વારા વિવિધ સોશિયલ મિડીયા પર 'હેલ્લો ગાંધીનગર' નામનું એક ગૃપ ચલાવવામાં આવે છે. આ ગૃપના યુથ કોમ્યુનિટી ગાંધીનગર ગૃપ દ્વારા બોરીજ પાસે સાબરમતી નદીમાં ઘણા સમયથી વિસર્જિત મૂર્તિઓને દૂર હટાવી પાણીને પ્રદૂષિત થતું અટકાવવાનું કાર્ય રવિવારે હાથ ધરવામાં આવ્યું હતું. આ સાથે તેમણે અહીં ગણેશ વિસર્જન કરવા આવતા શ્રધ્ધાળુઓને સમજાવી નદીનું પાણી પ્રદૂષિત ના થાય તે રીતે ગણેશ વિસર્જન કરવા તૈયાર કર્યા હતા. તેમના પ્રયત્નોથી અનેક ભાવિકોએ નદીમાં મૂર્તિ વિસર્જિત કરવાનું ટાળ્યું હતું તેમજ યુવાનોના પ્રયાસને બિરદાવ્યો હતો.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● **છીછોરે**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫

● **ઈટ ચેપ્ટુર ટુ**
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫

● **સાહો**
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦

● **બાટલા હાઉસ**
૧૨.૨૫

● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● **છીછોરે**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦

● **ઈટ ચેપ્ટુર ટુ**
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫

● **સાહો**
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૪.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **છીછોરે**
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦

● **ઈટ ચેપ્ટર ટુ**
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫

● **સાહો**
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫

● **મિશન મંગલ**
૧૨.૦૫

● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૬.૧૫

'ભૂખ્યાંને અન્ન અને તરસ્યાંને પાણી' આ આપણી સંસ્કૃતિના વણલખ્યાં સંસ્કાર છે. શહેરની લાયન્સ કલબ દ્વારા આ સંસ્કાર અંતર્ગત 'ફૂડ ફોર હંગર' કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જે અંતર્ગત શહેરમાં પ્રવર્તમાન વરસાદી મોસમમાં ખુલ્લામાં ચુલો પેટાવી ભોજન રાંધતા સે-૬ના જરૂરિયાતમંદ વર્ગના પરિવારોના ૬૦૦થી વધુ શ્રમિકોને ખિચડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.





શહેરમાં ચોતરફ ધાર્મિક શ્રધ્ધાનો માહોલ છવાયો છે અને આગામી ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભરાતા વિશ્વના સૌથી મોટા પદયાત્રી મેળામાં માતાજીના દર્શનાર્થે અનેક શ્રધ્ધાળુઓ પગપાળા જઈ રહ્યા છે. શહેરના સેક્ટર-૧૩ ખાતેથી પણ અંબાજી પગાળા સંઘનું પ્રસ્થાન યોજાયું હતું. જે પ્રસંગે શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે ઉપસ્થિત રહી માતાજીના રથની આરતી ઉતારી 'જય જય અંબે'ના જયઘોષ સાથે પદયાત્રીઓને પ્રસ્થાન કરાવ્યું હતું.

## આવતીકાલે ગાંધીનગર ખાતે ભરતી મેળો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સ્થિત આઈ.ટી સેક્ટરની જાણીતી કંપની 'ટેક મહિન્દ્રા લિ.'માં તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ ભરતી મેળોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો ટેક મહિન્દ્રા લિ.ની આઈ.ટી ટાવર-૪, ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે આવેલી ઓફિસ ખાતે સવારના ૧૦.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન યોજાશે. આ ભરતી મેળામાં બેંક ઓફિસ એક્ઝીક્યુટીવ અને કસ્ટમર કેર એક્ઝીક્યુટીવની જગ્યા માટે ભરતી કરવામાં આવશે. આ મેળામાં ગાંધીનગર જિલ્લાના ધોરણ-૧૨ પાસ, ડિપ્લોમા અને ગ્રેજ્યુએટ થયેલા તમામ યુવક-યુવતીઓને ભાગ લેવા રોજગાર અધિકારી(જનરલ)એ જણાવ્યું છે.



શહેરમાં નામી-અનામી મૃતકોના અસ્થિને હરિદ્વારના ''હર કી પૈડી'' ઘાટ ખાતે ગંગાજીમાં વિસર્જિત કરવાનો સેવા યજ્ઞ શહેર વસાહત મહામંડળ દ્વારા વર્ષોથી ચલાવવામાં આવે છે. આ અંતર્ગત આગામી અસ્થિ વિસર્જન યાત્રાના મૃતકોના આત્માની શાંતિ માટે શહેરના મુક્તિધામ ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવી હતી જેમાં શહેરના અનેક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં મૃતકોના સ્નેહીજનો અને નાગરિકો જોડાયાં હતા.



ગણેશ ઉત્સવ દરમિયાન શહેરમાં શ્રધ્ધાળુઓએ પોતાની શ્રધ્ધાના જોરે ગણેશજીને પ્રસન્ન કરવામાં કોઈ કમી છોડી નથી. શહેરના સેકટર-૨૬માં કિસાનગનગર ખાતે વિક્રમભાઈ નામના શ્રધ્ધાળુએ પોતાના નિવાસસ્થાને ગણેશજીની સ્થાપના કરી હતી. જેમાં એટલી નયનરમ્ય સજાવટ કરી હતી કે દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ ઘડભર મોંમાં આંગળા નાંખી જતા હતા. રવિવારે સાંજે તેમણે દાદાને છપ્પનભોગનો અન્નકૂટ પણ ધરાવ્યો હતો જે જોઈ સૌ કોઈ આફરિન પોકારી ગયા હતા.

## શહેરના જાણીતા નાટયકાર હસમુખ મેકવાનનું ભૂજ ખાતે સન્માન

ગાંધીનગરના વરિષ્ઠ અભિનેતા અને નાટયકાર હસમુખ મેકવાન લિખિત દિગ્દર્શિત લઘુ નાટિકા 'જયાં સમજ ત્યાં શૌચાલય'નું રવિવારે ભૂજ ખાતે રોટરી કલબ આયોજિત 'ટીચ એન્ડ વિન્સ' વિષયક 'આરાધના' શિર્ષક હેઠળ એક દિવસીય પરિસંવાદ દરમિયાન મંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી કલબના ડિસ્ટ્રીકટ ગર્વનર બીનાબહેન દેસાઈ દ્વારા હસમુખ મેકવાન અને મનોજ સરૈયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જે બદલ રોટરી કલબ ઓફ કેપિટલે ગૌરવની લાગણી વ્યકત કરી છે.








રવિવારે શહેરમાં ગણેશ વિસર્જન સાથે સાથે રામદેવપીરના નોરતાંનું પણ સમાપન થયું હતું. આ પ્રસંગે ધોળાકુવા વિસ્તારમાં રહેતા રાજસ્થાની શ્રધ્ધાળુઓ સેકટર-૨૧ રામદેવપીરના મંદિરે નેજા ચઢાવવા પગપાળા આવી પહોંચ્યા હતા.

# શહેરના વરિષ્ઠ કલાકારોના ''સાથી હાથ બઢાના'' પરફોર્મન્સે શ્રોતાઓનું મન મોહ્યું

### શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા ''મેરા રંગ દે બસંતી ચોલા'' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં કુડાસણ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા શહેરના ઉગતા કલાકારોમાં મંચ પુરો પાડવાનું કાર્ય કરવામાં આવે છે. શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા ચલાવાતી 'મેરી આવાઝ સુનો' કરાઓકે કલબ દ્વારા તાજેતરમાં ડૉ. આંબેડકર હોલ ખાતે દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ 'મેરા રંગ દે બસંતી ચોલા' યોજવામાં આવ્યો હતો જેમાં શહેરના ૨૦ જેટલા કલાકારોએ રાષ્ટ્રભક્તિસભર પરફોર્મન્સ આપ્યું હતું જેમાં પુરૂષ-મહિલા બંને અવાજમાં કર્ણપ્રિય ગાયકી કરતા ભીખુભાઈ પંચાલ તથા તેમના ધર્મપત્નિ ઈન્દુબેન દ્વારા જુની કલાસિક ફિલ્મ ''નયા દૌર''ના ગીત ''સાથી હાથ બઢાના''ને અભિનય સાથે પ્રસ્તુત કરી શ્રોતાઓને અચંબિત કરી દીધા હતા. કાર્યક્રમને શહેરના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શ્રોતાઓએ માણ્યો હતો અને કાર્યક્રમના સમાપને આઈકા-ગાંધીનગરના સલાહકાર કિરીટકુમાર અગ્રાવતે આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ.




કાર્યક્રમની સફળતા માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોના અજિતસિંહ પરમાર, આર.કે. રાવલ તથા શ્રવણકુમાર પરમાર સહિત કલાકારોએ જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમ દરમ્યાન નવી ''ગાતા રહે મેરા દિલ'' કરાઓકે કલબના શુભારંભની જાહેરાત પણ કરવામાં આવી હતી.

## સુઘડ કેનાલ પાસેથી મહિલાનો મોબાઈલ લુંટી લેનાર ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર પાસેથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલ પાસે ચાંદખેડાની મહિલા વોકીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પાછળથી બાઈક લઈને બે શખ્સો આવ્યા હતા. માર્ગ અંગે પુછપરછ કર્યા બાદ અચાનક પાછળ બેઠેલા શખ્સે મહિલાને ચપ્પુ બતાવી મોંઘોદાટ મોબાઈલ ફોનની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાને એક વર્ષ થવા આવ્યું છે. ત્યારે ગાંધીનગર એલસીબીના હાથે આ મોબાઈલ લુંટી લેનાર આરોપી ઝડપાઈ ગયો છે. એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમના એએસઆઈ હજારીસિંહ અને હે.કો. ભવાનસિંહને બાતમી મળી હતી જેથી તેને દબોચી લેવાયો હતો. વિકી વિનોદ દેવીપુજક (રહે.ભીલવાસ સરદારનગર) પાસે મળી આવેલા રૂ.૩૦ હજારની કિંમતના મોબાઈલ અંગે એલસીબીએ ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આરોપીએ પોતે અન્ય સાગરીત સાથે એક વર્ષ પહેલા મોબાઈલ લુંટી લીધો હોવાનું જણાવ્યું હતું. આરોપીઓએ મોબાઈલ વેચાણ માટે કાઢ્યો હતો પરંતુ કોઈએ ખરીદી કરી ન હતી જેને પગલે આરોપીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ જાતે કરતા હતા. પોલસે આરોપીની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા અનોખો સંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૯

ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા સ્ત્રીઓને પ્લેટફોર્મ આપવા માટે ઉદ્‌ગમ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'બિયોન્ડ ફોર્ટી ઈઝ અ ન્યુ ટવેન્ટી' કાર્યક્રમ અંતર્ગત ૮ નિષ્ણાંત વકતાઓએ પોતાના મંતવ્ય સાથે જીવનની પ્રેરણાદાયક વાતો પ્રેક્ષકો સમક્ષ કરી હતી. આ ઉપરાંત શહેરના સ્ત્રીઓના શિક્ષણ માટે કાર્ય કરતા ત્રણ બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

### ઉપસ્થિત નિષ્ણાંત મહિલાના મત મુજબ

- શીખવાની કે કામ કરવાની કોઈ ઉંમર નથી હોતી.
- તમે જો કાંઈ ન કરો ને તો તમારી હોબીનો ઉપયોગ કરી આગળ વધવું જોઈએ.
- કોઈ પણ બાબતમાં જજમેન્ટલ ન થવું.
- કોઈ શું વિચારશે તેની પરવા કર્યા વગર પોતાને શું ગમે છે તે બાબતને ધ્યાનમાં લેવી.
- આપણી સ્ટ્રેન્થ જાણીને તેને આગળ વધારવાની છે.
- પોતાની જાતને પ્રેમ કરવો પછી બીજા પ્રત્યે અપેક્ષા રાખવી.
- જેવા હતા એવી અને એનાથી પણ બેસ્ટ જીંદગી જીવવી જોઈએ.
- તમારું કામ દરેકના ધ્યાનમાં આવે તેવું કરો અચકાશો નહિ કારણ કે મગજના વિચારોને કોઈ કોપી ન કરી શકે.

●●●●●●

જે બહેનો ઘરનો ઉંમરો ઓળંગી બહાર નથી નીકળી તે પોતાના ઘરની નાણાં મંત્રી છે.

**- રીટાબેન પટેલ, મેયર**




ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા મહિલાઓ માટે 'બિયોન્ડ ફોર્ટી ઈઝ અ ન્યુ ટવેન્ટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ નિષ્ણાંતોએ ઉપસ્થિત રહી પ્રેક્ષકો સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ ઉપરાંત શહેરના ત્રણ બહેનો વૈશાલી જોષી, પરાગીબેન પંડયા, ગીતાબેન ખુમાણને બહેનો માટે શિક્ષણનું કાર્ય કરવા સંદર્ભે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, સામાજીક અગ્રણી આશાબા સરવૈયા, સંજય થોરાત, ડૉ. ગીતીકા અને પ્રોફેસર રાવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન સંજય થોરાત તથા આભારવિધિ આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન મયુર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. કાળુજી લક્ષ્મણજી ડાભી, ઉ.વ. ૬૭
- સ્વ. વિરમભાઈ મંગળભાઈ વણકર, ઉ.વ. ૭૬
- સ્વ. રબારી માલજીભાઈ મેરાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ધર્માભાઈ ગણેશભાઈ સેખલીયા, ઉ.વ. ૭૯
- સ્વ. ગીરાબેન અંબાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૭૫
- સ્વ. અરૂણાબેન ભૂપેન્દ્રસિંહ ધરીયા, ઉ.વ. ૫૮